# પ્રાંતિજમાં બાઈકચોર ગેંગ સક્રીય બે દિવસમાં બે બાઈકની ચોરી

પ્રાંતિજ, તા.૧૩

પ્રાંતિજ ખાતે આવેલા ભરચક વિસ્તારોમાંથી ધોળે દાડે બે દિવસમાં બે બાઈક ચોરાવાના બનાવો બનવા પામ્યા છે જેને લઈ વાહનચાલકોમાં વાહનોને લઈ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાંતિજ પોલીસ મથકની હદમાં આવતા ભરચક વિસ્તારમાં મુખ્ય બજાર સહિત અનેક ખાનગી કોમ્પ્લેક્ષમાં ઓફિસો અને દુકાનો આવેલી છે. જયાં દરરોજ અસંખ્ય લોકો ની અવર જવર રહે છે. ત્યારે છેલ્લા બે દિવસમાં ધોળે દિવસે બે બાઈક ચોરીના બનાવો બનતા વાહનો લઈ આ વિસ્તારમાં આવતા વાહન ચાલકો ચિંતામાં મુકાયા છે. આ મામલે બાઈકના માલિકે બાઈક ચોરી અંગે ફરિયાદ આપતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી બાઈક ચોરોની શોધખોળ હાથ ધરી છે.

# ધનસુરાના ૩ ગામોમાં ૧૦ વ્યક્તિઓ ડેન્ગ્યુની ઝપટમાં



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના મગનપુરા, હીરાખાડી અને મોટી વાવ ગામમાં ૧૦ જેટલા શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ મળી આવતા આરોગ્યતંત્ર દોડતુ થઈ ગયું છે. એક સાથે ૧૦ વ્યક્તિઓને ડેન્ગ્યુએ પોતાના ભરડામાં લેતા ગ્રામ વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો છે.

ધનસુરા તાલુકાના મગનપુરા હીરાખાડી કંપા અને મોટી વાવમાં છે. ત્રણ દિવસમાં ભયંકર ડેન્ગ્યુએ માથુ ઉંચક્યુ છે. અને અંદાજે ૩ દિવસમાં ૧૦ જેટલા લોકોને પોતાની ઝપેટમાં લીધા છે. ડેન્ગ્યુના શંકાસ્પદ દર્દીઓ ખાનગી દવાખાનામાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે તાલુકા આરોગ્ય તંત્રના અધિકારીઓ પણ દોડતા થઈ ગયા છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ ગામોમાં આરોગ્ય વિભાગની ટીમો ઉતારી દેવામાં આવી છે અને આ ટીમો પોરાનાશક અને ફોગીંગની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં તાવના દર્દીઓના પણ સેમ્પલ લઈ વધુ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ ડેન્ગ્યુના રોગ વધુ ન વકરે તે માટેના તમામ પગલા ભરવામાં આવી રહ્યા છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## ઓધવ વિદ્યામંદિર શાળામાં સર્જનાત્મક પ્રવૃત્તિ સ્પર્ધા યોજાઈ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા સંચાલિત શ્રી ઓધવ વિદ્યામંદિરમાં કે.જી.-૧ થી ધોરણ-૧૦ સુધીના ગુજરાતી માધ્યમમાં સર્જનાત્મક પ્રવૃત્તિ (વેસ્ટમાંથી બેસ્ટ) સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દરેક બાળકને પોતાની કુશળતા દ્વારા બર્થ ડે કાર્ડ બનાવવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં દરેક બાળક ખુબ જ ખંતથી વિવિધ સામગ્રીનો સમન્વય કરી ચાર્ટ પેપર પર વિવિધ રંગોની મદદથી સુંદર કાર્ડ બનાવ્યા હતા. સ્કૂલના શિક્ષણ વિભાગના સેક્રેટરી કાર્તિકેયભાઈ સી. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. અને બાળકોની આ સર્જન શક્તિથી જાણકાર થયા હતા. બાળકની સુષુપ્ત શક્તિઓ જોઈ અચરજ પામ્યા હતા અને આ સિવાયની બીજી પ્રવૃત્તિ દ્વારાનું શિક્ષણ બાળકો પ્રાપ્ત કરે તેમજ તેમનામાં રહેલ વિવિધ શક્તિઓ બહાર લાવવાના પ્રયાસ તરફ ધ્યાન દોર્યું હતું. અને આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ પટેલ તથા સ્ટાફ મિત્રોએ પણ અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના ખેડૂતોને ગત વર્ષની પાક સહાય ન ચૂકવાતા ખેડૂતો રોષે ભરાયા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં તેમજ ગુજરાત રાજ્યમાં વધુ વરસાદ વરસવાના કારણે ખેત ઉપર નભતા અને ખેતમજુરી કરી જીવન નિર્વાહ કરતા કુટુંબને વધારે વરસાદના કારણે લાખો રૂપિયાનુ નુકશાન ભોગવવાનો વારો આવ્યો હતો. અને કેટલાક ખેડૂતો તો વ્યાજે રૂપિયા લઈ ખેતીવાડી કરી હતી. ઘણા તો વ્યાજના દેવાના ડુંગર નીચે ગટાઈ ગયા હતા.

અરવલ્લી જિલ્લામાં ગયા વર્ષે વધુ વરસાદ પડતા ખેડૂતોનો ખેતરમાં ઉભેલો મહામુલો પાક નિષ્ફળ ગયો હતો. જેના કારણે લાખો રૂપિયાના નુકશાનમાં ઉતરી ગયેલા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા સહાય ચુકવવાની જાહેરાત થઈ હતી. ત્યાર બાદ સર્વે હાથ ધરવામાં આવ્યું હતું અને અરવલ્લી તથા સાબરકાંઠામાંથી ૮૮ કરોડની દરખાસ્ત ઉપર સુધી ગઈ હતી. તેમાં જેમાં સર્વે ખોટો થયાની રજુઆત હેઠળ આ રકમ ઘટાડીને ૨૨ કરોડ નક્કી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ ફરીથી સહાય અંગે કચવાટ પેદા થતા ફરીથી રાજ્ય સરકારમાં મંજુરી મેળવવા ગઈ હતી. પરંતુ સરકારમાં મંજુરી તો દૂરની વાત પણ આજ સુધી આ સહાયનો કોઈ જ સૂરાગ ન હોય તેમ અત્યારે તો ન જણાતા અને સહાય ન ચૂકવવાના કારણે ખેડૂતોની હાલત દયનીય બની છે. ખેડૂત અગ્રણીઓના જણાવ્યા અનુસાર ખેડૂતોએ લાખો રૂપિયાના બીયારણના એંધાણ કરી ખેતમજૂરી કરી ખુબ જ નુકશાની ભોગવી હતી. છતાં સરકાર દ્વારા કોઈ યોગ્ય પગલા ન લેવાતા સરકારની ખેડૂત વિરોધી નિતીની નંદા કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે જો સરકાર સહાય જલદી નહી આપે તો ખેડૂતોને આત્મહત્યા કરવાના દિવસો પણ દૂર નથી.

# ડીસા પાલિકાના સાત ભાજપી બાગી સદસ્યોને પક્ષાંતર ધારા હેઠળ નોટીસ

ડીસા, તા. ૧૩

ડીસા નગરપાલિકાના -મુખની ચૂંટણીમાં પક્ષના આદેશ વિરૂધ્ધ મતદાન કરનાર પાલિકાના ભાજપ પક્ષના નિશાન પર ચૂંટાયેલા ૭ સદસ્યો પર હાલ તેમના સભ્ય પદ માટે લટકતી તલવાર તોળાઈ રહી છે. કેમકે, એક વિવાદ અરજીએ ભાજપના સાત સદસ્યો પક્ષાંતર ધારા બદલ ગેરલાયક ઠરાવવા બાબતની ટ્રાયલ ચાલુ છે જે સંદર્ભે ગાંધીનગર સચિવ કક્ષાએથી તેમને આગામી ૧૭ ડીસેમ્બર ૨૦૧૪નાં રોજ યોજાઈ રહેલ સુનાવણીમાં હાજર રહી તેમનો બચાવ રજુ કરવા નોટીશ ઈશ્યુ કરાઈ છે, જેનાથી ડીસા પાલિકાનું રાજકારણ ગરમાયું છે.

કેમકે, ભાજપનાં બીજી ટર્મના પૂર્વ પાલિકા -મુખ ડો. તેજલબેન પટેલ અને અન્ય ભાજપી સદસ્યોએ તેમની વિરુદ્ધની તે બાદ દાખલ થયેલી અવિશ્વાસની દરખાસ્તમાં સત્તા ગુમાવતા કોન્ગ્રેસના કેલાશબેન શાહ -મુખ પદે ચૂંટાયા હતા. જયારે સમા પક્ષે ભાજપે સત્તા ગુમાવતા પોતાના જ સાથી સભ્યોનાં આ કૃત્યને કાયદાની કોર્ટમાં પડકાર્યું હતું અને ગુજરાત રાજયનાં મુખ્ય કારોબારી અધિકારી અને ઉપાધ્યક્ષશ્રીની કચેરીમાં આ સાત સભ્યો વિરુદ્ધ તેમના એડવોકેટ કે. એચ. બ્રમભટ્ટ મારફતે એક વિવાદી અરજી દાખલ કરી હતી અને ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતા અધિનિયમ મુજબ બાગી એવા સાત સદસ્યો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ભાજપી સદસ્ય એવા (૧)-ફુલભાઈ લહેરચંદ શાહ (૨) રાજશ્રીબેન વિનાયક ભાઈ દવે (૩) જયંતિ ભાઈ મગનલાલ ઠાકોર (૪) દેવચંદભાઈ રામચંદભાઈ ઠાકોર (૫) જીતેન્દ્ર જયંતીભાઈ વાઘેલા (૬) હંસાબેન બાલસીહ ઠાકોર (૭) જયોતબેન સોમભાઈ દરજીને ગાંધીનગર ખાતે સચિવ કક્ષાએથી તેમને આગામી ૧૭ ડીસેમ્બર ૨૦૧૪નાં રોજ યોજાઈ રહેલ સુનાવણીમાં હાજર રહી તેમનો બચાવ રજુ કરવા નોટીશ ઈશ્યુ કરાઈ છે, જેનાથી નગરપાલિકામાં પુનઃ રાજકારણ ગરમાયું છે અને આ સાત ભાજપી સદસ્યોનાં અધ્ધરતાલ ભવિષ્ય માટે અટકળોનો દોર શરુ થયો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ કાર્યક્રમ હેઠળ રાજયભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ધાનેરા મુકામે કુટિર ઉધોગ,મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના સહ-ભારી મંત્રી શ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધાનેરા તાલુકાના કુલ-૪૧ ેને રજુ થયા હતા. જે પૈકી ૩૬ -શ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું. પાંચ -શ્નો નિતિવિષયક હોઈ સરકારશ્રીમાં રજુ કરી તેનું સત્વરે નિરાકરણ લાવવા -યત્ન કરવામાં આવશે. મંત્રીશ્રી તારાચંદ છેડાએ જણાવ્યું હતું કે -જાના નાનામાં નાના અને તમામ -શ્નોનુ ઝડપી નિરાકરણ લાવવા લોકસંવાદ સેતુ કાર્યક્રમો યોજાય છે. તેમણે ઉમેર્યુ કે રાજય સરકારશ્રીના આ અભિગમને બહુ સારી સફળતા મળી છે. મંત્રીશ્રીએ કહ્યું કે -જાને જરૂરી તમામ સુવિધાઓ આપવા તથા વિકાસકૂચને ઝડપી બનાવવા સરકાર સક્રિય અને સંકલ્પબધ્ધ છે.

## પ્રાંતિજ બી.આર.સી. ભવનમાં વિકલાંગ બાળકોના વાલીઓનું સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા.૧૩

પ્રાંતિજ સ્થિત બી.આર.સી. ભવનમાં વિકલાંગ બાળકોના વાલીઓનું સંમેલન યોજાયું હતું. જેમાં વાલીઓને વિકલાંગ બાળકો માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એ બાળકોની રોજીંદી પ્રવૃત્તિમાં ક્ષમતા વધે અને ખરેખર વિકલાંગ બાળકોને અંધ શ્રધ્ધાઓથી દૂર રાખવા જણાવ્યું હતું. ઉપરાંત વિવિધ સરકારી યોજનાઓ સહાય તેમજ કાયદા વિશે પણ સચોટ માહિતી આપી હતી. આ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આ સંમેલનમાં તજજ્ઞો દ્વારા વિકલાંગતાની ઓળખ તથા વિકલાંગ બાળકો વિશે માર્ગદર્શન આપ્યું હતું કાર્યક્રમમાં સંત સુનિલદાસ મહારાજ, વ્રજેશભાઈ ભાવસાર, કાશ્મીરાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# ધાનેરામાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા મુકામે રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે કુટિર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના સહ-ભારી મંત્રીશ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને એક સરસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ યોજનાઓના ૬૨૮ લાભાર્થીઓને રૂ.૨.૨૦ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ -સંગે મંત્રીશ્રીએ -ાસંગિક -વચન કરતાં જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ કૃષિ મહોત્સવ અભિયાનને ખુબ સારી સફળતા મળી છે. તેમણે કહ્યું કે કૃષિ મહોત્સવ અભિયાનથી ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર -ગતિ થઈ છે પરિણામે આદર્શ અને સુખમય સમાજનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે કૃષિ મહોત્સવ અભિયાનથી ખેડૂતોને માહિતી અને માર્ગદર્શન આપ્યા પછી ખેડૂતોની જાગૃતિમાં નોંધપાત્ર વધારો થતાં ખેડૂતો આધુનિક અને વૈજ્ઞાનીક ખેતપધ્ધતિઓ અપનાવતાં કૃષિક્ષેત્રમાં વિરાટ પાયે આમુલ પરિવર્તન આવ્યું છે. તેમણે જણાવ્યું કે ખેડુતોને આર્થિક રીતે વધુ સમૃધ્ધ બનાવવા ખેડુતપુત્રી અને મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રવિ કૃષિ મહોત્સવની સમગ્ર રાજયમાં શરૂઆત કરાવી છે. તેમણે કહ્યુ કે ખેતીની સાથે પશુપાલન વ્યવસાય ધ્વારા ખુબ સારી આવક મેળવી શકાય છે.

મંત્રીશ્રી તારાચંદ છેડાએ કહ્યું કે બટાકાના ઉત્પાદનમાં બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ દેશ અને દુનિયામાં નામ રોશન કર્યુ છે. તેમણે ઉમેર્યુ કે ખેડૂતભાઈઓ હજુ પણ વૈજ્ઞાનીક ખેતપધ્ધતિઓ અને અધતન માહિતી વડે અને સરકારશ્રીની યોજનાઓની સહાયથી બહુ સરસ -ગતિ કરી શકે છે. તેમણે કહ્યું કે પશુપાલન વ્યવસાય વડે ખુબ સારી આવક મેળવી શકાય છે. તેમજ દૂધના વ્યવસાય સાથે સંકળાયેલ મહિલાઓ માટે રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલી બનાવાઈ છે. જેમાં ૩૦૦ વારનો મફત પ્લોટ અને રૂ.૫ લાખ મકાન બાંધકામ માટે સહાય આપવામાં આવે છે. તેમણે કહ્યુ કે બનાસકાંઠા અને કચ્છ જેવા સૂકા જિલ્લામાં રાજય સરકારે સિંચાઈનું પાણી પહોંચાડી આ વિસ્તારના ખેડુતોની ખુબ સારી સેવા કરી છે. મંત્રીશ્રી કહ્યું કે વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહાત્મા ગાંધીજીનું ક્લીન ઈન્ડીયાનું સ્વપ્ન સાકાર કરીએ. તેમણે જણાવ્યુ કે દરેક ઘરમાં શૌચલય બને તે માટે સરકાર ધ્વારા સક્રિય -યાસો કરવામાં આવી રહ્યા છે અને બી.પી.એલ.પરિવારોને રૂ.૧૨,૦૦૦ સુધીની સહાય પણ આપવામ આવે છે ત્યારે આપણે પણ આ સ્વચ્છતાના મિશનમાં જોડાઈએ અને ઘેર ઘેર શૌચાલય બનાવવાના અભિયાનમાં ભાગીદાર બનીએ.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)


# ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વાર્ષિકોત્સવ મિલેનિયમ ફ્લેશ બેક કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયો

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વાર્ષિકોત્સવ મિલેનિયમ ફ્લેશ બેક કાર્યક્રમ દબદબાભેર આનંદ, ઉત્સાહપુર્વક ઉજવાયો હતો. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી અને અંગ્રેજી મીડીયમના પ્લે. ગ્રૂપ કે.જી.૧, ૨ થી ધો.૧૨ સાયન્સ સુધીના દરેક વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારી એ.પી.ઝાલા, જે.જે.ભટ્ટ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર, ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, મિતુલભાઈ બ્રહ્મભટ્ટ, દેવાંગભાઈ બ્રહ્મભટ્ટ, અગ્રણીઓ, સંસ્થાના પુર્વવિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ જીલ્લા, રાજ્ય કક્ષાએ વિજ્ઞાન અને રમત-ગમતમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓનું સંસ્થા વતી સર્વે મહેમાનોના વરદ્ હસ્તે સન્માન કરાયું હતું.

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર રૂગનાથસિંહજી બારોટએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે અક્ષર ઈન્ટરનેશલ સ્કુલ અંગ્રેજી, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અને સ્કુલને વિશ્વના ફલક ઉપર મુકવા માગુ છું.

ભિલોડા આર.જી.બારોટ એજયુંકેશન કેમ્પસમાં ચાલતી બી.એડ્.કોલેજ, એમ.એડ્.કોલેજ, એમ.એસ.ડબલ્યું કોલેજ, અક્ષર નર્સિંગ કોલેજ સહિત વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ધ્વારા બેટી બચાવો, ભૃણ હત્યા અટકાવો, પક્ષીઓ બચાવો, વૃક્ષો બચાવો, રાસ-ગરબા, રાજસ્થાની નૃત્યો સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વાર્ષિકોત્સવ મિલેનિયમ ફ્લેશ બેક કાર્યક્રમ ધામ-ધુમથી ઉજવાયો. આ પ્રસંગે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના અગ્રણીઓ, આર.જી.બારોટ એજયુંકેશન કેમ્પસના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓના માતા-પિતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦